**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૮ ટકા ● સાંજે ૨૪ ટકા

# શહેરમાં જડબેસલાક લોકડાઉન....







ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં વકરતા કોરોના સંક્રમણને કાબૂમાં લેવા જિલ્લા વહીવટી તંત્ર સતત પ્રયત્નશીલ છે. આજે રાજય સરકાર દ્વારા આપવામાં આવેલા આંશિક લોકડાઉનને સ્વયમ રીતે ગાંધીનગર શહેરના નાના – મોટા સૌ વેપારીઓ અને નાગરિકોએ સહકાર આપીને કોરોનાને નાથવા માટેનો પ્રબળ આત્મ વિશ્વાસ જિલ્લા વહીવટી તંત્રને આપ્યો છે.

ગઈકાલે રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સોશ્યિલ મીડિયાના માધ્યમથી લોકોને વિનમ્ર ભાવે કોરોનાને નાથવા સૌ નાગરિકોને ઘરની બહાર બિન જરૂરી ન નીકળવા અને રાજય સરકારે આપેલ આંશિક લોક ડાઉનને સમર્થન આપવા અપીલ કરી હતી.

આજે ગાંધીનગર શહેરમાં જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ વેપારીઓએ પોતાનો અકલ્પનીય સહકાર આપ્યો હતો. સવારથી જ ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર આવેલી ચા ની કિટલીઓ બંધ જોવા મળતી હતી. તેમજ રાબેતા મુજબ સવારના ૯.૦૦ થી ૧૦.૦૦ કલાક બાદ ચાલુ થતી દુકાનો જેવી કે, હેર કિટીંગ, સ્પા, બ્યુટી પાર્લર, જીમ, સ્વિમિંગ પૂલ, મોલ, શોપિંગ કોમ્પલેક્સ, રેડીમેડ સ્ટોર, ફર્નિચરની દુકાનો અને અન્ય નાની મોટી દુકાનોના માલિકો દ્વારા પોતાની દુકાન ખોલી ન હતી. કોરોનાને નાથવા માટે તેઓ પણ પરિવાર સાથે ઘરમાં રહીને હું પણ છું કોરોના વોરિયર્સ તેવો ભાવ રજૂ કરતા હોય તેવું પણ લાગી રહ્યું હતું.

તેમજ કરિયાણું, બેકરી, ઘંટી, શાકભાજી- ફ્રૂટ માર્કેટ અને દવાની દુકાનો ખુલ્લી જોવા મળતી હતી. ત્યાં પણ પાખી હાજરી નાગરિકોની જોવા મળતી હતી. આવતા ગ્રાહકો પોતાને કોરોના વાયરસથી સંક્રમિત ન થાય તે માટે માસ્ક સતત પહેરેલું રાખતા હતા. તેમજ સોશ્યિલ ડિસ્ટન્સ જાળવાઈ રહે તેની કાળજી લેતા નજરે પડયા હતા.


તે ઉપરાંત મોટા ભાગની બેંકો ૫૦ ટકા કર્મયોગીઓ સાથે કાર્યરત હતી. તેમજ બેંકોમાં પણ પાંખી હાજરી જોવા મળતી હતી. સરકારી કચેરીઓ પણ ૫૦ ટકા સ્ટાફ સાથે કાર્યરત રહી હતી.

આંશિક લોક ડાઉનને ગાંધીનગર શહેરમાં ઓફિસ ટાઈમ દરમ્યાન થોડોક ટ્રાફિક જોવા મળી રહ્યો હતો. બપોરના ૧૨ કલાક બાદ ઉનાળાની આકરી ગરમી અને આંશિક લોક ડાઉનની અસરકારક અમલવારીના કારણે માર્ગો પણ સુમસામ બની ગયા હતા.

આજના આંશિક લોકડાઉનના માહોલે જિલ્લા વહીવટી તંત્રના પડખે મક્કમતાથી વેપારીઓ, નગરજનો ઉભા રહીને કોરોનાને નાથવાનું બળ આપતા હોય તેવું લાગી રહ્યું હતું. આજના માહોલ પરથી એમ લાગે છે કે, ઉભી થયેલી પરિસ્થિતિને સૌના સાથ સહકાર થકી કોરોનાના જંગમાં તેને પરાસ્ત જરૂર કરશું.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




હે સાહેબ... ઓક્સિજન વાળી ટ્રેન આપણી સાદી ટ્રેન જેમ લેઈટ આવશે કે...!?

## કોરોના સંક્રમણના કારણે સચિવાલય અને ક્ષેત્રિય કચેરીઓના કર્મચારીઓના અવસાનના કિસ્સામાં સહાય આપવા રજૂઆત

ગાંધીનગર, તા. ૨૮

કોરોનાનુ સંક્રમણ હાલમાં વ્યાપક પ્રમાણમાં ફેલાયુ છે. સંક્રમણના કારણે આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલા કર્મચારી-અધિકારીનું અવસાન થાય તો રાજય સરકાર તરફથી ૨૫ લાખની સહાય આપવામાં આવે છે. સચિવાલય અને અન્ય ક્ષેત્રિય સરકારી કચેરીઓના કર્મચારીઓ-અધિકારીઓ કોરોના સંક્રમણના કારણે મૃત્યુ પામે તો તે કિસ્સામાં આવી સહાય આપવામાં આવતી નથી. ધી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસિએશને સરકારી કામકાજ દરમ્યાન કોરોના સંક્રમિત થઈ અવસાન પામનાર દરેક સરકારી કર્મચારીના પરિવારજનોને ૨૫ લાખની સહાય આપવા રજૂઆત કરી છે.

ધી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસિએશને મુખ્ય સચિવશ્રીને પત્ર લખીને કોરોના સંક્રમણના કારણે અવસાન પામનાર દરેક કર્મચારીના પરિવારજનોને સહાય આપવા રજૂઆત કરી છે. આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલા અને આ કામગીરી દરમ્યાન કોરોનાથી સંક્રમિત થઈ અવસાન પામનાર કર્મચારીના કિસ્સામાં તેના પરિવારજનોને રૂ. ૨૫ લાખની સહાય આપવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. આ નિર્ણય અંગેનો ઠરાવ સામાન્ય વહિવટ વિભાગે તા. ૮-૪-૨૦૨૦ના રોજ બહાર પાડ્યો હતો.

ધી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસિએશને રજૂઆતમાં જણાવ્યુ છે કે સરકારી કચેરી/ વિભાગોમાં ફરજો બજાવતા અધિકારી/કર્મચારીઓને તેઓની રોજ બરોજની સેવાઓ દરમ્યાન તેઓની પાસે રજુઆતો, દરખાસ્તો, ફાઈલો રજુ થતી હોય છે. આ રજુઆતો, દરખાસ્તો અને ફાઈલોના નિકાલ માટે અને આગળની કાર્યવાહી માટે સરકારી અધિકારી-કર્મચારીઓને અનેક લોકોને મળવુ પડે છે અને મીટીંગોમાં ભાગ લેવો પડે છે. ક્ષેત્રિય કચેરીઓમાં પણ આવી જ રીતે સરકારી કર્મચારીઓ-અધિકારીઓને સરકારી કામકાજ માટે અનેક લોકોના સંપર્કમાં આવવુ પડે છે. જેના કારણે છેલ્લા કેટલાક મહિનાઓમાં અનેક સરકારી કર્મચારીઓ-અધિકારીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. કેટલાક કિસ્સાઓમાં સરકારી કર્મચારીનુ મૃત્યુ પણ થયુ છે. આવા કિસ્સામાં તેમના પરિવારજનોને ૨૫ લાખ રૂ.ની તાત્કાલિક સહાય ચૂકવી આપવા રજૂઆત કરવામાં આવી છે.

## કારની ટક્કરે બાઈક પર જતા પરિવારને ઈજા

ગાંધીનગર, તા. ૨૮

સેક્ટર-૩૦ સર્કલની આગળ જતાં મુક્તિધામ જવાના કટ પર કાર ચાલકે બાઈકને અડફેટે લઈને અન્ય એક કારને ટક્કર મારી હતી. અકસ્માતમાં બાઈક પર જતાં પરિવારને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. અમદાવાદ નવા નરોડા રહેતાં રાહુલ રાજેન્દ્રકુમાર ગોસ્વામીએ સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જે મુજબ મંગળવારે તેઓ ત્રણ લોકો શેઠની ગાડી લઈને નરોડોથી મોટા ચિલોડા કામ માટે ગયા હતા. સાંજે તેઓ સેક્ટર-૩૦ના સર્કલ આગળ જતા મુક્તિધાન જવાના કટ પાસે પહોંચ્યા ત્યારે અકસ્માત નડ્યો હતો. જેમાં ચિલોડા તરફથી આવતી GJ-01-KA-7467 નંબરની કારના ચાલકે બાઈકને પાછળથી ટક્કર મારીને તેની ગાડી મુક્તિધાન જવાના કટ તરફ અચાનક વળાવીને ફરિયાદીને કારને સામેથી ટક્કર મારી હતી. અકસ્માતને પગલે બાઈક પર જતું દંપતિ અને બાળક રોડ પર પટકાયા હતા. જેને પગલે ફરિયાદી સહિતના લોકોએ નીચે ઉતરીને તેમને ઉભા કર્યા હતા, તેઓ ઓઢવના ગુણવંતબાઈ રામજીભાઈ વિહોલ હતા. ગુણવંતભાઈને શરીરે બેઠો માર વાગ્યો હતો પરંતુ તેમના પત્નીને માથાના ભાગે ઈજા થઈ હતી. પરિવારને ૧૦૮માં સારવાર માટે મોકલ્યા બાદ રાજેન્દ્ર ગોસ્વામીએ આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

## સિવિલ હોસ્પિટલની લાઈનમાં તરસે ટળવળતાંને ટાઢક પહોંચાડતો ઉવારસદનો યુવાન

**કારમી ગરમીમાં સારવાર માટે લાગેલી એમ્બ્યુલન્સોની લાગેલી લાંબીલચક લાઇનમાં પાણી લીંબુ શરબત અને ચા બિસ્કિટની સેવા પૂરી પાડતો આશિક પટેલ : પોતાને એક દિવસ રાહ જોતા પડેલી તકલીફથી અન્યોનું દર્દ સમજાતા સેવાનો નિર્ધાર કર્યો**

ગાંધીનગર તા.૨૮

**(સમીર રામી દ્વારા)**

કોરોના સંક્રમણની સર્જાયેલી વિકટ પરિસ્થિતિમાં એકતરફ જ્યાં તંત્ર દર્દીઓને સંભાળવામાં અનુભવી રહ્યું છે ત્યારે બીજી તરફ નાગરિકોએ જાતે એકબીજાનો સહારો બનવાનું શરૂ કરી દીધું છે. ઉનાળાની આકરી ગરમીના સમયમાં ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં લાગતી લાંબીલચક એમ્બ્યુલન્સોની લાઈનોમાં કલાકો સુધી પોતાનો નંબર આવે તેની રાહ જોતા પીડાતા દર્દી સાથે એમ્બ્યુલન્સના સ્ટાફ સહિત દર્દીના સગા સંબંધીઓ જ્યારે તરસ લાગે ત્યારે પાણી પીવાના પણ ફાંફા પડી રહ્યાં છે ત્યારે ઉવારસદનો એક યુવાન આશિક પટેલ ક્યારેક ઠંડા પાણીની બોટલ તો ક્યારેક જીરું વરિયાળીવાળું લીંબુ શરબત લઈને સેવા આપવા હાજર થઈ જાય છે જેને નિહાળીને સૌ કોઈ બિરદાવ્યાં વિના રહી શકતા નથી.

**મિત્રોની સહકારથી સેવાનો વ્યાપ અમદાવાદ સુધી વધારવા તત્પર**

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ઉવારસદના સેવાભાવી યુવાન આશિક પટેલ સાથે તેમના સેવાકાર્યમાં ઉત્સવ પટેલ વિતરણ કરવા માટે સાથે આવે છે. આ સાથે તેમને ઉવારસદ ખાતે લીંબુ શરબત તથા વગેરે બનાવવા માટે તેમના મિત્રો નીરવ પટેલ, દિગેશ પટેલ, નિમેષ પટેલ, જૈમીન પટેલ તથા અભિક પટેલ વગેરે મદદરૂપ થઈ રહ્યા છે. ગાંઠનું ગોપીચંદન કરીને સમાજને મદદરૂપ થવાના હેતુથી સેવા કરતા આશિક પટેલની ઈચ્છા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે પણ પીવાના પાણીની બોટલ તથા લીંબુ શરબતની સેવા પૂરી પાડવાની છે.

ગાંધીનગરના ઉવારસદ યુવાન આશિક પટેલના પાંચેક દિવસ પૂર્વે કોઈક કામથી સિવિલ હોસ્પીટલ ખાતે ગયાં હતાં જ્યાં લાંબીલચક લાઈનોના કારણે તેમને ચારથી પાંચ કલાક ઊભા રહેવું પડ્યું હતું. આ સ્થિતિમાં ગરમીના કારણે પીવાના પાણીની તરસ લાગતા પાણીની કોઈ સુવિધા નજરે ચઢી નહોતી. આ સ્થિતિમાં તેમને વિચાર આવ્યો કે 'હું તો માત્ર આજે આવ્યો છું પરંતુ દર્દીઓ, તેમના સ્વજનો તેમજ દરરોજ લાઈનમાં કલાકો સુધી રહેતી એમ્બ્યુલન્સનો સ્ટાફ આકરી ગરમીમાં તરસ લાગે ત્યારે શું કરતો હશે?' બસ આ વિચારે તેમને ઝંઝોળી મૂક્યાં હતાં અને તેમણે અહીં પીવાના પાણીની સેવા આપવાનો નિશ્ચય કર્યો અને બીજા દિવસે તેઓ ૧૫૦ જેટલી મિનરલ પાણીની બોટલ્સ જેમાં કેટલીક ઠંડી અને કેટલીક સામાન્ય રાખીને પોતાની કારમાં લઈને સિવિલ હોસ્પિટલ પહોંચી ગયાં હતા. જ્યારે તેમણે લાઈનમાં લાગેલી એમ્બ્યુલન્સમાં તરસ્યાં દર્દીઓને તેમજ એમ્બ્યુલન્સના સ્ટાફને પાણીની બોટલ આપી ત્યારે તેમના ચહેરા પર ઝળકેલી ખુશીએ હાર્દિક પટેલનો ઉત્સાહ વધાર્યો હતો. બીજા દિવસથી પછી તેમણે બપોરે જીરું, વરિયાળી, સંચળ નાંખીને મિનરલ વોટરમાં બનાવેલું ૧૫૦ લીટર લીંબુ શરબત બનાવીને પોતાના મિત્ર ઉત્સવ પટેલ સાથે મળીને વિતરણ કરતાં અનેક દર્દીઓ તથા તેમના સ્વજનોએ તેમની પર આશિર્વાદ વર્ષા કરી હતી. આ પછી તેમણે અન્ય મિત્રોની મદદથી રાત્રિના સમયે ગરમાગરમ ચાસાથે ૩૦૦ પેકેટ્સ બિસ્કીટનું વિતરણ કર્યું હતું. તેમની આ સેવાથી દર્દીઓ તથા તેમના સ્વજનો ઉપરાંત એમ્બ્યુલન્સનો સ્ટાફ અને હોસ્પિટલનો સ્ટાફ પણ ગદગદીત થઈ તેમની સેવાને બિરદાવી રહ્યો છે.



## ગંભીર દર્દીને ગમે તેમ કરીને સિવિલમાં સારવાર અપાય છે...

ગાંધીનગર, તા. ૨૮

સરકારી હોસ્પિટલોની બહાર ૧૦૮ એમ્બ્યુલન્સની લાંબી કતારો જોવા મળે છે અને દર્દીઓ હેરાન - પરેશાન છે એવી તસ્વીરો અને એવા સમાચારો અવારનવાર વાંચવા મળી જાય છે. પરંતુ દર્દીઓના ધસારાની સામે શક્ય હોય તેટલી વ્યવસ્થા કરી આપવા અને ઝડપી સારવાર આપવા માટે તમામ પ્રયત્નો કરવામાં આવે છે તેવુ અનેક દર્દીઓ અનુભવી રહ્યા છે.

શૈલેષ મુન્સી નામના એક વ્યક્તિએ સિવિલમાં થયેલા પોતાના એક અનુભવ વિશે જણાવ્યુ છે કે તેઓની પત્નિની તબીયત ૧૩મી એપ્રિલે અચાનક જ લથડી હતી. ઓકિસજન લેવલ ૭૭ પર પહોંચી ગયુ હતુ. કંઈ સુઝે નહી તેવી પરિસ્થિતિમાં ૧૦૮ એમ્બ્યુલન્સાનો બોલાવી પરંતુ સિવિલમાં દાખલ કરવા સમયે વિવાદ થયો. કારણ કે તેઓની પત્નિનો કોરોના રીપોર્ટ નેગેટીવ આવ્યો હતો. કોવિડ વોર્ડમાં કેવી રીતો દાખલ કરવી તે બાબતે મુંઝવણ અનુભવાતી હતી. તે સમયે ૧૦૮ના હેડ નર્સ નયનાબેન રાવલે આરએમઓ સાહેબ કલ્પેશભાઈ જસાપરાનો મળવાનુ કહ્યુ. અનેક વ્યસ્તતાઓ વચ્ચે તેઓએ દર્દીને નોન કોવિડ વોર્ડમાં દાખલ કરવાની વ્યવસ્થા કરી આપી. અહી ડૉ. મેહુલભાઈ પટેલ અને અન્ય તબીબોની સઘન સારવારથી તેઓની પત્નિની તબીયત સુધારા પર છે.

## કોરોના મહામારીની વિકટ પરિસ્થિતિને પગલે સીએની પરીક્ષાઓ ફરી મોકુફ

ગાંધીનગર તા. ૨૮

દેશભરમાં વણસી રહેલી કોરોના મહામારીની વિકટ પરિસ્થિતિને પગલે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ઈન્ટરમીડિયેટ અને ફાઈનલ પરીક્ષાઓ ફરીવાર મોકુફ રાખવામાં આવી છે. આગામી તા. ૨૧મેથી શરૂ થઈ રહેલ સીએની પરીક્ષાઓ આઈસીએઆઈ દ્વારા હાલ પુરતી સ્થગિત કરવામાં આવી છે અને પરીક્ષાની નવી તારીખોની જાહેરાત પરીક્ષાના ૨૫ દિવસ અગાઉ કરવામાં આવશે.

ઈન્સ્ટિટયુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા દર વર્ષે મે-જુનમાં તથા નવેમ્બર-ડિસેમ્બરમાં સીએ ફાઉન્ડેશન, ઈન્ટરમીડિએટ તેમજ ફાઈનલી પરીક્ષાઓ દેશભરમાં લેવામા આવતી હોય છે. આઈસીએઆઈ દ્વારા જાહેર કરવામાં આવેલી પરીક્ષાની તારીખો અને કાર્યક્રમ મુજબ તા.૨૧મી મેથી સીએ ફાઈનલની અને ૨૨મી મેથી ઈન્ટરમીડિએટની પરીક્ષાઓ શરૂ થઈ રહી હતી પરંતુ હાલ દેશમાં કોરોનાની બીજી લહેરમા અનેક રાજ્યોમાં કોરોના કેસ અનેક ગણા વધવા સાથે મૃત્યુની સંખ્યા ખૂબ જ વધી છે તેમજ સ્થિતિ કટોકટી ભરી બની ગઈ છે ત્યારે મે માસમાં લેવાનાર તમામ પરીક્ષાઓ મોકુફ કરી દેવાઈ છે. નીટ અને જેઈઈ તેમજ યુજીસી નેટ સહિતની રાષ્ટ્રીય પરીક્ષાઓ બાદ વધુ એક રાષ્ટ્રીય પરીક્ષાઓ મોકુફ કરવી પડી છે. કોરોનાની સ્થિતિ સુધર્યા બાદ રાજ્યો સરકારો અને કેન્દ્ર સરકારો દ્વારા જાહેર કરવામા આવનાર નવી ગાઈડલાઈનનો રીવ્યુ કર્યા પછી ઈન્સ્ટિટયુટ દ્વારા નવી તારીખો જાહેર કરવામા આવશે. વિદ્યાર્થીઓને ૨૫ દિવસ અગાઉની પરીક્ષાની નવી તારીખોની જાણકારી આપી દેવાશે.

## તબીબો કે તેમના પરિવારજનોને સારવારમાં પ્રાધાન્ય મળવું જોઈએ : ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન

ગાંધીનગર તા.૨૮

કોરોના મહામારી સામે જો કોઈ સૌથી નજીક રહીને અને અત્યંત જોખમ ખેડીને લડત આપી રહ્યાં હોય તો તે તબીબો નર્સિંગ સ્ટાફ તથા પેરામેડિકલ સ્ટાફ સહિતના હેલ્થ કર્મચારીઓ છે. ઘણા કિસ્સામાં તો કોવિડના દર્દીઓને સારવાર આપનાર ખુદ તબીબ અથવા તેમના પરિવારના સભ્યોને પણ કોરોનાગ્રસ્ત થતાં બેડ ન મળવાને કારણે મુશ્કેલીમાં મુકાયા હોય તેવા કિસ્સા સર્જાઈ રહ્યાં છે. આ કારણે ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા જે તબીબો કે તેમના પરિવારજનો સંક્રમિત થાય તો તેમની સારવારમાં અગ્રતાક્રમ આપવા તંત્રને વિનંતી કરવામાં આવી છે.


**દર્દીઓની સારવાર માટે સરકારી તબીબો દિવસ રાત કાર્યરત છે : તબીબો કે હેલ્થ કર્મચારીઓ જ સંક્રમિત હશે તો દર્દીઓની સારવાર સુશ્રુષા કોણ કરશે?**

ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના ગાંધીનગર જિલ્લા એકમના પ્રમુખ ડો.અનિલ ચૌહાણે જિલ્લા કલેકટરને લેખિતમાં જણાવ્યું છે કે લાંબા સમયથી મહામારીની પરિસ્થિતિમાં જિલ્લાના ખાનગી તેમજ સરકારી તબીબો પોતાના તથા પોતાના પરિવારજનોના પ્રાણની ચિંતા કર્યા વગર આરોગ્ય સારવાર તેમજ સેવા તમામ નાગરિકોને મળી રહે તે માટે દિવસ રાત કાર્યરત રહ્યાં છે. આથી ગાંધીનગર જિલ્લાના કોઈપણ તબીબ કે તેના પરિવારજનો જો કોરોનાથી અસરગ્રસ્ત થાય તો તેમની સારવાર સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં અગ્રતાના ધોરણે થાય અને તેમને બેડ ઓક્સિજન કે દવાની કોઈ પણ મુશ્કેલી ન પડે તે માટે વિશેષ કાળજી લેવાય તે માટે વિનંતી છે. આ સાથે ડૉ. ચૌહાણે મહામારીના કપરા સમયમાં તબીબો નાગરિકોના આરોગ્યની જાળવણી માટે કટિબદ્ધ હોવાનું જણાવતા સહિયારા પ્રયાસોથી નજીકના ભવિષ્યમાં ભારત કોરોના મુક્ત ભારત બને તેવી અપેક્ષા વ્યક્ત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લામાં ખુબ મોટી સંખ્યામાં તબીબો સહિત હેલ્થ કર્મચારીઓ સંક્રમિત થવાની કારણે કોરોનાના દર્દીઓની સારવાર પર અસર પડી રહી છે તે સંજોગોમાં તબીબોને જો તેઓ પોતે સંક્રમિત થાય ત્યારે તેમની પોતાની સારવારમાં પ્રાધાન્ય આપવામાં આવે તો સામેની લડતને બળ મળશે અન્યથા જો તબીબો કે હેલ્થ કર્મચારીઓ જ સંક્રમિત હશે તો દર્દીઓની સારવાર સુશ્રુષા કોણ કરશે?


## જન્મદિને વધામણી



ખાંટ રમેશજી શંભુજી



વેદાંશી હેમંતભાઈ દવે
મો. ૯૯૯૮૭ ૨૨૩૪૪



લીપ્સા રાજેશકુમાર વ્યાસ



ભાર્ગવ પટેલ



જાની મયુરકુમાર ભાસ્કરભાઈ
રેડક્રોસ



પરમાર હિતેષકુમાર એલ.
રેડક્રોસ

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર હેલિપેડ ખાતે ૧૨૦૦ બેડની હોસ્પિટલ બનાવવાને લઈ વિભાગો વચ્ચે સંકલનના અભાવે હજુ કામ શરૂ થયુ ન હોવાથી અનેક તર્કવિતર્ક વહેતા થયા છે.
- ગાંધીનગર શહેરમાં વધતા જતા સંક્રમણને ધ્યાને રાખી મેયર રીટાબેન પટેલે તેમની મેયર ગ્રાન્ટમાંથી એમ્બ્યુલન્સ ખરીદવા માટેના આદેશ કર્યા છે.
- મનપાના કોંગી કાઉન્સીલર પિન્કીબેન પટેલે પણ તેમની ગ્રાન્ટમાંથી વેન્ટીલેટર ખરીદી સિવિલ હોસ્પિટલ હસ્તક મુકવા કમિશનરને પત્ર લખ્યો છે.
- જિલ્લાના જે બોન્ડેડ તબીબો હાજર થયા નથી તેમની સામે તાત્કાલિક કાર્યવાહી કરવા જિલ્લા કલેકટરે આરોગ્ય તંત્રને જણાવ્યુ છે.
- રાત્રે કાર લઈ ફરવા નીકળેલ એક યુવક સામે સે. ૭ પોલીસે ઈપીકો કલમ ૧૮૮ તેમજ એપેડેમીક એક્ટ ૧૮૯૭ની કલમ-૩ મુજબ એફઆઈઆર નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.
- શાળાઓમાં આગામી ઉનાળુ વેકેશન ૩-૫-૨૧ થી ૬-૬-૨૧ સુધી રહેશે તેવો પરિપત્ર શિક્ષણ વિભાગે જારી કર્યો છે.